# મહાસતિપટ્ઠાનસુત્ત

(ભાષાનુવાદ સહિત)



વિપશ્યના વિશોધન વિન્યાસ

# મહાસતિપટ્ઠાનસુત્ત

(ભાષાનુવાદ સહિત)

વિપશ્યના વિશોધન વિન્યાસ

ધમ્મગિરિ, ઇગતપુરી

# G04 - મહાસતિપટ્ઠાનસુત્ત

© વિપશ્યના વિશોધન વિન્યાસ
સર્વાધિકાર સુરક્ષિત

પહેલી આવૃત્તિ: ૨૦૦૧
દ્વિતીય આવૃત્તિ: 2002

મુલ્ય : **રુ. 20.00**

ISBN 81-7414-218-5

**પ્રકાશક:**
વિપશ્યના વિશોધન વિન્યાસ
ધમ્મગિરિ, ઈગતપુરી - 422403
જિલા- નાશિક, મહારાષ્ટ્ર
ફોન: 02553-244998, 244076,
244086, 244144, 244440
Email: vri_admin@vridhamma.org
Website: www.vridhamma.org

**મુદ્રક:**
અપોલો પ્રિંટિંગ પ્રેસ
જી- 259, સીકૉફ લિમિટેડ, 69 એમ. આય. ડી. સી.
સાતપુર, નાશિક-422007, મહારાષ્ટ્ર

# મહાસતિપટ્ઠાનસુત્ત

## વિષય-સુચિ (અનુક્રમણિકા)


ઉદ્દેશ ........ 7

**કાયાનુપશ્યના ........ 9**

આનાપાનપર્વ ........ 9

ઈર્યાપથપર્વ ........ 11

સંપ્રજ્ઞાનપર્વ ........ 13

પ્રતિકૂળમનસિકારપર્વ ........ 13

ધાતુમનસિકારપર્વ ........ 15

નવ પ્રકારનાં સ્મશાનોનું પર્વ ........ 17

**વેદનાનુપશ્યના ........ 23**

**ચિત્તાનુપશ્યના ........ 25**

**ધર્માનુપશ્યના ........ 27**

નીવરણપર્વ ........ 27

સ્કંધપર્વ ........ 29

આયતનપર્વ ........ 31

બોધ્યંગપર્વ ........ 35

સત્યપર્વ ........ 39

દુ:ખસત્ય સંબંધી નિર્દેશ ........ 39

સમુદયસત્ય સંબંધી નિર્દેશ ........ 45

નિરોધ સત્યસંબંધી નિર્દેશ ........ 49

માર્ગસત્ય સંબંધી નિર્દેશ ........ 51

સતિપટ્ઠાનની ભાવના કરવાનું શુભ પરિણામ ........ 57

**વિપશ્યના સાધના કેન્દ્ર ........ 58**

# મહાસતિપટ્ઠાનસુત્ત

**અત્તદીપા ततो હોથ, સતિપટ્ઠાનગોચરા ।**
**ભાવેત્વા સત્તબોજ્ઝઙ્ગે, દુક્ખસ્સન્તં કરિસ્સથ ।।**

– મહાપ્રજાપતિગોતમી થેરી.

(સતિપટ્ઠાનની ગોચર ભૂમિમાં રમણ કરતા કરતા, પોતાના દ્વીપ પોતે બનો. તમે સાત બોધ્યંગોની ભાવના કરી દુ:ખનો અંત કરી લેશો.)

# महासतिपट्ठानसुत्तं - मूल पाठ

एवं मे सुतं–

एकं समयं भगवा कुरूसु विहरति कम्मासधम्मं नाम कुरूनं निगमो। तत्र खो भगवा भिक्खू आमन्तेसि– 'भिक्खवो'ति। 'भदन्ते'ति ते भिक्खू भगवतो पच्चस्सोसुं। भगवा एतदवोच–

## उद्देसो

"एकायनो अयं, भिक्खवे, मग्गो सत्तानं विसुद्धिया, सोकपरिदेवानं समतिक्कमाय, दुक्खदोमनस्सानं अत्थङ्गमाय, ञायस्स अधिगमाय, निब्बानस्स सच्छिकिरियाय, यदिदं चत्तारो सतिपट्ठाना।

"कतमे चत्तारो? इध, भिक्खवे, भिक्खु

काये कायानुपस्सी विहरति आतापी सम्पजानो सतिमा, विनेय्य लोके अभिज्झा दोमनस्सं;

वेदनासु वेदनानुपस्सी विहरति आतापी सम्पजानो सतिमा, विनेय्य लोके अभिज्झादोमनस्सं;

चित्ते चित्तानुपस्सी विहरति आतापी सम्पजानो सतिमा, विनेय्य लोके अभिज्झादोमनस्सं;

धम्मेसु धम्मानुपस्सी विहरति आतापी सम्पजानो सतिमा, विनेय्य लोके अभिज्झादोमनस्सं।

(उद्देसो निट्ठितो)

# મહાસતિપટ્ઠાન સુત્ત – ભાષાનુવાદ

એવું મારા દ્વારા સાંભળવામાં આવ્યું–

એક વખત ભગવાન કુરુ પ્રદેશમાં કમ્માસધમ્મ નામના કુરુઓના નગરમાં વિહાર કરતા હતા. ત્યાં ભગવાને ભિક્ષુઓને આમંત્રિત કર્યા– 'હે ભિક્ષુઓ!' તે ભિક્ષુઓએ ભગવાનને પ્રત્યુત્તર આપ્યો– 'ભદન્ત ! '(ત્યારે) ભગવાને આ પ્રમાણે કહ્યું–

## ઉદ્દેશ

'ભિક્ષુઓ ! આ જે ચાર સતિપટ્ઠાન (સ્મૃતિ – સજગતામાં પ્રસ્થાપન) છે, તે સત્વોની (પ્રાણીઓની) વિશુદ્ધિ, શોક અને વિલાપનુ અતિક્રમણ (શમન), દુ:ખ અને દૌર્મનસ્યનો (સંતાપના) અસ્ત, સત્યની પ્રાપ્તિ, (અને) નિર્વાણનો સાક્ષાત્કાર– આ સર્વ માટે એકમાત્ર માર્ગ છે.

"ક્યા ચાર ? ભિક્ષુઓ ! અહીં (કોઈ) ભિક્ષુ–

(સાડાત્રણ હાથની કાયા- રૂપી) લોકમાં રાગ અને દ્વેષને દૂર કરી, શ્રમશીલ, સ્મૃતિમાન અને સંપ્રજ્ઞાની બની, કાયામાં કાયાનુપશ્યી બની વિહાર કરે છે;

(સાડાત્રણ હાથની કાયા- રૂપી) લોકમાં રાગ અને દ્વેષને દૂર કરી, શ્રમશીલ, સ્મૃતિમાન અને સંપ્રજ્ઞાની બની, વેદનાઓમાં વેદનાનુપશ્યી બની વિહાર કરે છે;

(સાડા ત્રણ હાથની કાયા- રૂપી) લોકમાં રાગ અને દ્વેષને દૂર કરી, શ્રમશીલ, સ્મૃતિમાન અને સંપ્રજ્ઞાની બની, ચિત્તમાં ચિત્તાનુપશ્યી બની વિહાર કરે છે; (અને)

(સાડાત્રણ હાથની કાયા-રૂપી) લોકમાં રાગ અને દ્વેષને દૂર કરી, શ્રમશીલ, સ્મૃતિમાન અને સંપ્રજ્ઞાની બની, ધર્મોમાં ધર્માનુપશ્યી બની વિહાર કરે છે.

(ઉદ્દેશ સંપૂર્ણ)